# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


નં.શા.શિ./યોગાભ્યાસ/૫૪/૨૦૨૦ તા.૧૯-૧૦-૨૦૨૦

પરિપત્ર :

વિષય : યોગાભ્યાસમાં સામેલ થવા અંગે.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સર્વે વિભાગનાં વડાઓ, યુનિવર્સિટી સંચાલિત ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા વિવિધ કેન્દ્રનાં સંચાલકશ્રીઓ તેમજ સર્વે શૈક્ષણિક – બિનશૈક્ષણિક કમર્ચારી ભાઈઓ તથા બહેનો અને સર્વે કમર્ચારીઓનાં પરિવારનાં સભ્યો તેમજ યુનિવર્સિટી સ્થિત ભવનોમાં અભ્યાસ કરતા સર્વે વિદ્યાર્થી ભાઈઓ - બહેનોને જણાવવાનું કે શારીરિક શિક્ષણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા **તા.૨૦-૧૦-૨૦૨૦ થી રોજ સવારે ૦૬:૩૦ થી ૦૮:૩૦ દરમ્યાન ૦૧ – ૦૧ કલાક માટેની ૦૨ બેંચમાં યોગાભ્યાસ કરાવવાનું નક્કી કરેલ છે.** જે કોઈ વ્યક્તિને યોગાભ્યાસમાં જોડાવવાની ઈચ્છા હોય તે લોકોએ તેમનું રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાનાં ધોરણે શારીરિક શિક્ષણ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ. ખાતે કરાવવાનું રહેશે.

૦૧ બેંચ માં વધુમાં વધુ ૨૦ થી ૨૫ સભ્યો જોડાઈ શકશે. યોગાભ્યાસ કરાવવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડનાં કમર્ચારી વિનામુલ્યે સેવા આપવામાં આવનાર છે.

**-: યોગાભ્યાસમાં આવવા માટેનું સ્થળ અને સમયની વિગત :-**

**સ્થળ :** રાઈફલ શુટીંગ રેન્જ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ.

**સમય :** પ્રથમ બેંચનો સમય ૦૬:૩૦ થી ૦૭:૩૦ કલાક સુધી.

દ્વિતીય બેંચનો સમય ૦૭:૩૦ થી ૦૮:૩૦ કલાક સુધી.

**-: યોગાભ્યાસમાં આવનાર સભ્યો માટેની ખાસ સુચના :-**

(૧) યોગાભ્યાસમાં આવનાર સભ્યે બેંચ શરૂ થવાના નિયત સમયમાં આવી જવાનું રહેશે.

(૨) યોગાભ્યાસમાં આવનાર સભ્યે સવારે ભૂખ્યા પેટે આવવાનું રહેશે.

(૩) યોગાભ્યાસમાં આવનાર સભ્યે ૦૬ × ૦૪ ફૂટની શેતરંજી/આસન પટ્ટો તથા નેપકીન સાથે લાવવાનું રહેશે.

(૪) યોગાભ્યાસમાં આવનાર સભ્યે યોગાભ્યાસ થઈ શકે તે પ્રકારનો ખુલતો પોષાક ફેરવો ફરજિયાત છે.

(૫) યોગાભ્યાસમાં આવનાર સભ્યે મહિલાઓએ યોગ ક્રિયા થઈ શકે તે માટેનો પોષાક ફેરવો ફરજિયાત છે.

(૬) યોગાભ્યાસમાં આવનાર સભ્યને જો અનુકુળ હોય તો સફેદ કલરનાં પોષાકમાં આવવાનું રહેશે.

(૭) યોગાભ્યાસમાં આવનાર સભ્યે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. અને કોવીડ – ૧૯ માર્ગદર્શિકાનં પાલન કરવાનું રહેશે.

કુલસચિવ

**પ્રતિ,**

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સર્વે કાર્યાલયનાં વિભાગનાં વડાશ્રીઓ.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનનોના અધ્યક્ષશ્રીઓ,

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત વિવિધ સંસ્થાઓના વડાશ્રીઓ

**નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :-**

ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

**નકલ સાદર રવાના :-**

(૧) માન.કુલપતિશ્રી/ માનઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી

(૨) માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ જાણ અર્થે રવાના :-**

શ્રી પ્રકાશભાઈ ટીપરે, સભ્યશ્રી, ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગર